# સૂર્યમાળામાં સૌથી વધુ અંતરે રહેલો ગ્રહ ક્યો છે?

1. **પૃથ્વીનું ૯૫ ટકા પાણી ......... સ્વરૂપે છે ?**
(૧) ગ્લેશિયર્સ (૨) નદીઓ (૩) મહાસાગરો(૪) તળાવો

2. **ઇન્ડિયન રોબસ્ટા (Indian Robusta) એ શું છે?**
(૧) ભારતીય ચેરી (૨) ભારતીય રબર
(૩) ભારતીય કોફી (૪) ભારતીય તમાકુ

3. **ફ્રેન્ચ શબ્દ 'Bte noire'નો અર્થ શું થાય છે?**
(૧) બેટ-દડો (૨) ખાસ ગમતી વ્યક્તિ કે વસ્તુ
(૩) ખાસ અણગમતી વ્યક્તિ કે વસ્તુ (૪) ખાસ વાહન

4. **યારલંગ સાંગ્પો (Yarlung Tsangpo) નદી ભારતમાં ક્યા નામથી ઓળખાય છે?**
(૧) ગંગા (૨) બ્રહ્મપુત્રા (૩) યમુના (૪) મહાનદી

5. **ગુજરાતમાં સુખી ડેમ ક્યા જિલ્લામાં આવેલો છે?**
(૧) છોટા ઉદેપુર (૨) સુરેન્દ્રનગર
(૩) વડોદરા (૪) મહેસાણા

6. **મસૂરી હિલ સ્ટેશન ક્યા રાજ્યમાં આવેલું છે?**
(૧) હિમાચલ પ્રદેશ (૨) તમિલનાડુ
(૩) કેરળ (૪) ઉત્તરાખંડ

7. **સૂર્યમાળામાં સૌથી વધુ અંતરે રહેલો ગ્રહ ક્યો છે?**
(૧) શનિ (૨) શુક્ર (૩) મંગળ (૪) નેપ્ચ્યૂન

8. **પૃથ્વીથી સૌથી નજીકનો ગ્રહ ક્યો?**
(૧) મંગળ (૨) ગુરુ (૩) નેપ્ચ્યૂન (૪) બુધ

9. **બેરોમિટરનું રીડીંગ અચાનક ઘટે તો નીચે પૈકીની શેની શક્યતા રહેલી હોય છે?**
(૧) શાંત હવામાન (૨) તોફાની હવામાન
(૩) શુષ્ક હવામાન (૪) ગરમ હવામાન

10. **અલમાટી ડેમ કઈ નદી પર બનેલો છે? આ ડેમને લાલ બહાદુર શાસ્ત્રી ડેમ પણ કહેવાય છે.**
(૧) ગોદાવરી (૨) કાવેરી (૩) ક્રિષ્ના (૪) મહાનદી

11. **ગુજરાતના ક્યા સમુદ્રતટને બ્લ્યૂ ફ્લેગ (Blue Flag) સર્ટિફિકેશન મળ્યું છે?**
(૧) પોરબંદર (૨) ઘોઘા (૩) શિવરાજપુર (૪) સોમનાથ

12. **નમદાફા નેશનલ પાર્ક ક્યા રાજ્યમાં આવેલો છે?**
(૧) પશ્ચિમ બંગાળ (૨) અરૂણાચલ પ્રદેશ
(૩) મધ્ય પ્રદેશ (૪) કર્ણાટક

13. **બાંદીપુર નેશનલ પાર્ક ક્યા રાજ્યમાં આવેલો છે?**
(૧) કેરળ (૨) કર્ણાટક (૩) તમિલનાડુ (૪) ઓડિશા

14. **પન્ના નેશનલ પાર્ક ક્યા રાજ્યમાં આવેલો છે?**
(૧) મધ્ય પ્રદેશ (૨) ઉત્તર પ્રદેશ
(૩) રાજસ્થાન (૪) ઝારખંડ

15. **'લોકપ્રિય ગોપીનાથ બરદલોઇ આંતરરાષ્ટ્રીય હવાઇમથક' ક્યા શહેરમાં છે?**
(૧) ગુવાહાટી (૨) કોલકતા (૩) દિસપુર (૪) શિલોંગ

16. **Bio Carbon Fund Initiative for Sustainable Forest Landscapesનું સંચાલન કોણ કરે છે?**
(૧) એશિયન ડેવલપમેન્ટ બેંક
(૨) ઇન્ટરનેશનલ મોનિટરી ફંડ
(૩) સાર્ક સંગઠન (૪) વર્લ્ડ બેંક

17. **ઇસરોનો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ EOS-01 શેના માટે છે?**
(૧) કૃષિ, વન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના હેતુ માટે
(૨) સંરક્ષણ હેતુ માટે (૩) સમુદ્ર પેટાળમાં સંશોધન માટે
(૪) ધરતીના પેટાળમાં સંશોધન માટે

18. **ઇ.સ. ૧૯૩૦માં ભારતના સર ચંદ્રશેખર વેંકટ રામનને નોબલ પુરસ્કાર ક્યા ક્ષેત્રમાં મળ્યો હતો?**
(૧) ફિઝિક્સ (૨) ઇકોનોમિક્સ
(૩) સમાજસેવા (૪) સાહિત્ય

19. **ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર ક્યાં આવેલું છે?**
(૧) ગાંધીનગર (૨) અમદાવાદ
(૩) આણંદ (૪) વડોદરા

20. **ગુજરાત એનર્જી ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ક્યાં આવેલી છે?**
(૧) અમદાવાદ (૨) વડોદરા
(૩) ગાંધીનગર (૪) સુરત

21. **કૈગા અટમિક પાવર સ્ટેશન ક્યા રાજ્યમાં આવેલું છે?**
(૧) હરિયાણા (૨) કર્ણાટક
(૩) કેરળ (૪) આંધ્ર પ્રદેશ

22. **AZ, CX, FU, ..........**
(૧) KP (૨) JQ (૩) IR (૪) IV

23. **એક બીજા ગ્રહ ઉપર પૃથ્વી, પાણી, પ્રકાશ, હવા અને આકાશને અનુક્રમે આકાશ, પ્રકાશ, હવા, પાણી અને પૃથ્વી તરીકે ઓળખવામાં આવે છે. કોઇ માણસને તરસ લાગી છે તો બીજા ગ્રહ ઉપર શાની માગણી કરશે જેથી તેની તરસ શાંત થાય?**
(૧) પૃથ્વી (૨) આકાશ (૩) પ્રકાશ (૪) હવા

24. **'ઔદ્યોગિક વિવાદ' એટલે કોઇપણ વિવાદ જે ........ સાથે જોડાયેલ હોય.**
(૧) રોજગાર (૨) બિન રોજગાર
(૩) રોજગારની શરતો (૪) ઉપરના બધા

25. **મુખ્ય ચૂંટણી કમિશનરને તેમની ઓફિસમાંથી ..........ની જેમ દૂર કરવામાં આવશે.**
(૧) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ
(૨) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
(૩) વડી અદાલતના ન્યાયમૂર્તિ
(૪) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

26. **ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૩૬માં કેટલીક સેવાઓમાં ....... સમુદાય માટે વિશેષ જોગવાઇ છે.**
(૧) મુસ્લિમ (૨) શીખ (૩) પારસી (૪) એંગ્લો-ઈંડિયન

27. **ભારતમાં બંધારણીય સુધારાની શરૂઆત .................. આ હેતુ માટે બિલ રજૂ કરવાથી થઇ શકે છે :**
(૧) સંસદના કોઇ પણ ગૃહમાં (૨) સંસદના બંને ગૃહમાં
(૩) સંસદના ઉપલા ગૃહમાં (૪) સંસદના નીચલા ગૃહમાં

## જનરલ નોલેજ ક્વીઝ કોર્નર

28. **"Nemo dat quod non habet"નો મતલબ જણાવો.**
(૧) નામથી બોલાવ્યા વગર કોઇ નહીં આવે
(૨) ના સાંભળ્યા પછી કોઇ કામ નથી કરતું
(૩) લોકો પાસે જે નથી તે તેઓ આપી શકે નહીં
(૪) નામ વગરનો કોઇ માણસ હોતો નથી

29. **ડિસ્ટ્રીક્ટ જજની નિયુક્તિ કોણ કરી શકે ?**
(૧) રાજ્યપાલ (૨) રાષ્ટ્રપતિ
(૩) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ (૪) મુખ્યમંત્રી

30. **રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ (Impeachment)ની પ્રક્રિયાનો ઉલ્લેખ બંધારણના ક્યા અનુચ્છેદમાં છે?**
(૧) ૬૦ (૨) ૬૧ (૩) ૬૨ (૪) ૬૩

31. **ભારતમાં ક્યા પ્રકારના જંગલોનું પ્રમાણ વધુ છે?**
(૧) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો
(૨) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો અને ઘાસના મેદાનો
(૩) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો
(૪) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો

32. **એશિયાઇ સિંહના સંરક્ષણ માટે ક્યા વર્ષમાં ગીર લાયન સેન્ચુરી પ્રોજેક્ટ શરૂ થયો?**
(૧) ૧૯૭૯ (૨) ૧૯૭૧ (૩) ૧૯૭૨ (૪) ૧૯૭૬

33. **ઉત્તર-પૂર્વ સીમાંત રેલવેનું વડુ મથક ક્યાં છે?**
(૧) શિલોંગ (૨) ગોરખપુર
(૩) માલીગાંવ-ગુવાહાટી (૪) દિસપુર

34. **પ્રાચીન સમયના માટીના રમકડા જ્યાં મળ્યાં તે કાલીબંગાન નામનું સ્થળ ક્યા રાજ્યમાં છે?**
(૧) પશ્ચિમ બંગાળ (૨) રાજસ્થાન (૩) બિહાર (૪) પંજાબ

35. **ગુલાબી રંગની મીનાકારી માટે ક્યું શહેર પ્રખ્યાત છે?**
(૧) દિલ્હી (૨) જયપુર
(૩) વારાણસી (૪) હૈદરાબાદ

36. **ભગવાન રામના પ્રારંભિક જીવન પર આધારિત નાટક 'મહાવીરચરિત્ર' કોણે લખ્યું હતું?**
(૧) કાલિદાસ (૨) ભાસ (૩) ભરત મુનિ (૪) ભવભૂતિ

37. **હડપ્પીય સંસ્કૃતિના મળી આવેલા નગરો પૈકીના મોહેં-જો-દડોમાં નીચલા વર્ગના લોકોના મકાનો એક માળના અને ......... ઓરડાવાળાં હતાં.**
(૧) એક (૨) બે થી ત્રણ (૩) બે (૪) ત્રણ થી ચાર

38. **બોરિયા સ્તૂપ ક્યાં આવેલો છે?**
(૧) બિહાર (૨) ઉત્તર પ્રદેશ
(૩) પશ્ચિમ બંગાળ (૪) ગુજરાત

39. **વર્લ્ડ હેરિટેજમાં સમાવિષ્ટ પાટણની રાણીની વાવમાં કઈ સ્થાપત્ય શૈલી જોવા મળે છે?**
(૧) ગાંધાર શૈલી (૨) મારુ-ગુર્જર શૈલી
(૩) નાગર શૈલી (૪) દ્રવિડ શૈલી

40. **ખજૂરાહોના મંદિરોનું નિર્માણ ક્યા રાજવીઓએ કરાવ્યું હતું?**
(૧) ચંદેલ રાજવીઓએ (૨) પલ્લવ રાજવીઓએ
(૩) ચોલ વંશના રાજવીઓ (૪) પાડ્ય રાજવીઓએ

41. **આદિવાસી વિસ્તારમાં જોવા મળતું પાવરી એ કેવા પ્રકારનું વાદ્ય છે?**
(૧) સુષિર વાદ્ય (૨) અનવદ્ય વાદ્ય
(૩) ઘન વાદ્ય (૪) તંતુ વાદ્ય

42. **સુલતાન અહેમદશાહે ગુજરાતમાં 'વાંટાની પ્રથા' દાખલ કરી હતી. તે શેને સ્પર્શતી હતી?**
(૧) વેપાર જકાત (૨) જમીન
(૩) લગ્નપ્રથા (૪) જજિયાવેરો

43. **હુમાયું અને શેરશાહ સુરી વચ્ચે જૂન ૧૫૩૯માં ક્યું યુદ્ધ થયું હતું?**
(૧) પાણીપતનું પ્રથમ યુદ્ધ (૨) પાણીપતનું દ્વિતીય યુદ્ધ
(૩) કાનવાનું યુદ્ધ (૪) ચૌસાનું યુદ્ધ

44. **મુઘલ સૈન્યના જયસિંહ પહેલા અને છત્રપતિ શિવાજી વચ્ચે કઇ સાલમાં પુરંદરની સંધિ થઈ હતી?**
(૧) ઈ.સ. ૧૬૧૦ (૨) ઈ.સ. ૧૬૨૫
(૩) ઈ.સ. ૧૬૬૫ (૪) ઈ.સ. ૧૬૬૬

45. **વડોદરાના મહારાજાએ સમગ્ર રાજ્યમાં ફરજિયાત શિક્ષણ ક્યા વર્ષમાં લાગુ કર્યું હતું?**
(૧) ૧૮૯૩ (૨) ૧૯૦૬ (૩)૧૯૨૩ (૪)૧૯૩૦

46. **ક્યા વાઇસરોયના કાર્યકાળમાં બ્રિટિશ ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડાઈ?**
(૧) લૉર્ડ ચેમ્સફૉર્ડ (૨) લૉર્ડ હાર્ડિંજ
(૩) લૉર્ડ રિપન (૪) લૉર્ડ કર્ઝન

47. **ઇસુ પૂર્વેના ૮૦૦-૬૦૦ના ગાળામાં ભારતમાં અમુક પ્રકારની વસતિ ગણતરી નિભાવાતી હતી. આવું ક્યા ગ્રંથમાં જણાવાયું છે?**
(૧) સામવેદ (૨) કઠોપનિષદ (૩) ઋગ્વેદ (૪) અથર્વવેદ

48. **નેશનલ સ્ટોક અક્સ્ચેન્જની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી?**
(૧) ૧૯૯૦ (૨) ૧૯૯૨ (૩) ૧૯૯૩ (૪) ૧૯૯૪

49. **બેન્કિંગ ક્ષેત્રની નિયંત્રક RBI છે, એવી રીતે શેરબજારની નિયંત્રક સંસ્થા કઈ છે?**
(૧) IRDA (૨) SEBI (૩) FMC (૪) NSE

50. **ભારતના રાષ્ટ્રપતિએ અત્યાર સુધીમાં કેટલી વખત નાણાકીય કટોકટી જાહેર કરી છે?**
(૧) એક વખત (૨) બે વખત
(૩) ત્રણ વખત (૪) એક પણ વખત નહીં

**જવાબો :**

**(૧) ૩ (૨) ૩ (૩) ૩ (૪) ૨ (૫) ૧ (૬) ૪ (૭) ૪ (૮) ૪ (૯) ૨ (૧૦) ૩ (૧૧) ૩ (૧૨) ૨ (૧૩) ૨ (૧૪) ૧ (૧૫) ૧ (૧૬) ૪ (૧૭) ૧ (૧૮) ૧ (૧૯) ૧ (૨૦) ૨ (૨૧) ૨ (૨૨) ૨ (૨૩) ૩ (૨૪) ૪ (૨૫) ૧ (૨૬) ૪ (૨૭) ૧ (૨૮) ૩ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૪ (૩૨) ૩ (૩૩) ૩ (૩૪) ૨ (૩૫) ૩ (૩૬) ૪ (૩૭) ૨ (૩૮) ૪ (૩૯) ૨ (૪૦) ૧ (૪૧) ૨ (૪૨) ૨ (૪૩) ૪ (૪૪) ૩ (૪૫) ૨ (૪૬) ૨ (૪૭) ૩ (૪૮) ૨ (૪૯) ૨ (૫૦) ૪**